લેવાની જમીનનો ભોગવટો કરનારા ઓએ તથા તે જમીનમાં જેઓને હિત સબંધ છે.એવું અથવા જેમને એવા હિત સબંધવાળા માણસોના વતી કામ ચલાવવાનો હકક છે. એવું માલુમ હોય અથવા લાગવું ન હોય તેવા બીજા માણસોને યોગ્ય વળતર મેળવવાનો અધિકાર અને ખાસ જમીન સંપાદનમાં પારદર્શકતા પૂનઃવસન અને પૂનઃસ્થાપન અંગેનો અધિનિયમ–૨૦૧૩ (સને ૨૦૧૩નો ૩૦મો)ના પ્રકરણ–૪ પ્રમાણે આપવાની.

<u>કલમ–૨૧(૧) અને ૨૧ (૨)ની નોટીસનો નમુના</u>

આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે ગામ.ઉતરસંડા તાલુકો.નડીયાદ ગામમાં નીચે જણાવેલ હે.૦.આરે.૦૯ ચો.મી ૪૦ જમીન છે.અને જેના ઉપર થોડા દિવસ આગળથી જ હકક વિગેરે દર્શાવવામાં આવે તે ઉપર કાંઈપણ ઈમારતો બાંધવામાં આવી હોય,તે સાથે માપવામાં આવી છે.તે ગુજરાતના સરકારના મહેસુલ વિભાગ,ગાંધીનગરના તા.૨૩/૧૧/૨૦૨૦ના રોજ ભાગ નં.૧/બીના એક્સ્ટ્રા ઓર્ડીનરી રાજયત્રના સરકારી ગેઝેટના પાન નં.૧૦૮૫/૧ થી ૧૦૮૫/૩ ઉપર ગુજરાતી પેપર સંદેશ તા.૨૨/૧૨/૨૦૨૦ ના પાન નં.૯ ઉપર તથા અંગ્રેજી પેપર ઇન્ડીયન એક્સપ્રેસ તા.૨૨/૧૨/૨૦૨૦ના તાન નં.૮ ઉપર પ્રસિધ્ધ કરેલા મુજબ યોગ્ય વળતર મેળવવાનો અધિકાર અને ખાસ જમીન સંપાદનમાં પાર દર્શકતા,પૂનઃવર્સન અને પૂનઃસ્થાયન અંગેનો અધિનિયમ–૨૦૧૩ (સને ર૦૧૩નો ૩૦મો) એકટની રૂઈએ સરકાર મુંબઈ–અમદાવાદ નેશનલ હાઈસ્પીડ રેલ પ્રોજેકટ (બુલેટટ્રેન) સારૂં લેવાની છે.

જો આ જમીનમાં તમારો કોઈપણ હિતશબંધવાળા માણસની વતી કામ ચલાવવા માટે તમને હકક હોય તો તેમને તા. / ૦૨/૦૩ /૨૦૨૧ ના રોજ ખેડા મુકામે બપોરના..૧૨:૦૦....કલાકે અત્રેની સક્ષમ પ્રધિકારી અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીની,કચેરી ખેડામાં પોતાની જાતે અથવા મુખત્યારની મારફતે હાજર થઈ સંદરહુ પોતાની જમીનના વળતર દાવાની વિગતવાર હકીકત તેમજ ૨૦મી.કલમ મુજબ કરેલ માપણી સંબધી તમારી કોઈપણ હરકત હોયતો તે પણ જાણ કરવી અને તે પૈહેલા કોઈપણ વાંધા અરજીકે નિવેદન રજુ કરવાનું રહેશે.તા. ૦૧/ ૦૩ /૨૦૨૧ બાદ મળશે તો અથવા તેમાં વાધો અને હિત સ્પસ્ટ રીતે બતાવવામાં નહિ આવે તો રદબાતલ થવાને પાત્ર છે.

પરિશષ્ટઃ–એ

જીલ્લોઃ–ખેડા તાલુકોઃ–નડીયાદ ગામંનુ નામઃઉતરસંડા

| અ.નું | જમીનનો કબજો ધરાવનારનું નામ | ગામનો નમૂનો ૮–એ નો ખાતા નંબર | સર્વે/બ્લોક નંબર | | વિસ્તાર હે.આરે.ક્ષ આરે | સંપાદિત કરવાની થતી જમીનનો વિસ્તાર હે.આરે.પ્રા.આરે |
|---|---|---|---|---|---|---|
| | | | ઉપર વિભાજન પહેલાં સર્વે/બ્લોક નંબર | ઉપર વિભાજન બાદ સર્વે બ્લોક નુબર | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | કોકીલાબેન અરવિંદભાઈ પરમાર | ૨૩૫૬ | ૧૩૩૧ | – | ૦–૧૧–૧૩ | ૦–૦૯–૪૦ |

નં.એલએક્યુ/એન.એચ.આરસી.એલ/નોટીસ/વશી/ ૭૬૫/૭૮ /૨૦૨૧

તા. ૦૪ / ૦૨ /૨૦૨૧

તા. ૦૨/ ૦૨ /૨૦૨૧

સ્થળઃખેડા

સક્ષમ પ્રાધિકારી અને
ખાસ જમીન સંપાદન અધિકારી
ખેડા

C:\Users\acer\Desktop\LAO-KHEDA\GEN Doc..docx